અપીલ અરજી નં.૭૦ તા.૧૯–૬–૦૮

અરજદારઃ શ્રી ડી.સી.ભટ્ટ પ્રમુખ દ.ગુ.ગ્રા.સુ.સમિતિ
સામાવાળાઃ ડે.કમિશ્નર(હે.અને હો.) અને જાહેર માહિતી અધિકારી (પબ્લીક હેલ્થ ડીપાર્ટ.)

## હુકમઃ–

***વિષયઃ***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ડી.સી.ભટ્ટ પ્રમુખ દક્ષિણ ગુજરાત ગ્રાહક સુરક્ષા સમિતિ તરફથી તા.૧૬–૫–૦૮ની અરજીથી તા.૨૫–૫–૦૮ ના રોજ નોન આઈ.એસ.આઈ.માર્ક ધરાવતાં પ્લાન્ટો સુમપા ધ્વારા સીલ કર્યા બાદ પ્લાન્ટ માલિકો ધ્વારાસીલ તોડી નાંખી ફરીથી પોતાનો ધંધો ચાલુ કરનાર સામે શા માટે સલાબતપુરા પોલીસ સ્ટેશન ખાતે જ ફરીયાદ દાખલ કરવામાં આવી? તા.૧૩–૬–૦૬ ની લેખિત ફરીયાદની પ્રમાણિત નકલ, પોલીસ સ્ટેશન ધ્વારા કરવામાં આવેલી કાર્યવાહીની પ્રમાણિત નકલ ,સદરહુ કેસ કઈ કોર્ટમાં કયા નંબરથી, અને હાલમાં ચાલું છે? કયા સ્ટેજ ઉપર છે? અલગ અલગ પોલીસ સ્ટેશન ખાતે દાખલ કરવાની જરૂર નથી? વિગેરે બાબતે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૯–૬–'૦૮ ની અપીલ અરજી નં.૭૦/–૦૮–૦૯

શ્રી ડી.સી.ભટ્ટ પ્રમુખ દક્ષિણ ગુજરાત ગ્રાહક સુરક્ષા સમિતિ તરફથી તા.૧૬–૫–૦૮ની અરજીથી તા.૨૫–૫–૦૮ ના રોજ નોન આઈ.એસ.આઈ.માર્ક ધરાવતાં પ્લાન્ટો સુમપા ધ્વારા સીલ કર્યા બાદ પ્લાન્ટ માલિકો ધ્વારાસીલ તોડી નાંખી ફરીથી પોતાનો ધંધો ચાલુ કરનાર સામે શા માટે સલાબતપુરા પોલીસ સ્ટેશન ખાતે જ ફરીયાદ દાખલ કરવામાં આવી? તા.૧૩–૬–૦૬ ની લેખિત ફરીયાદની પ્રમાણિત નકલ, પોલીસ સ્ટેશન ધ્વારા કરવામાં આવેલી કાર્યવાહીની પ્રમાણિત નકલ ,સદરહુ કેસ કઈ કોર્ટમાં કયા નંબરથી, અને હાલમાં ચાલું છે? કયા સ્ટેજ ઉપર છે? અલગ અલગ પોલીસ સ્ટેશન ખાતે દાખલ કરવાની જરૂર નથી? વિગેરે બાબતે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી બાબતે જાવક નં.પીએચડી/ફુડ/૪૯૨ તા.૪–૬–૦૮ થી ડે.કમિશ્નર (હે.અનેહો) અને લોકલ હેલ્થ ઓથોરીટી અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી આપેલ માહિતીનું વિવરણ અનુસાર અધૂરી માહિતી, માહિતી પૂરી પાડવાનો ઈન્કાર વિગેરે કારણસર એપેલેટ ઓફિસરને તા.૧૯–૬–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો આપેલ માહિતીમાં કોઈ વિલંબ/વિસંગતતા અને ઈન્કાર તબદીલી થયેલ હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૫૬ તા.૨૭–૬–૦૮ થી ડે.કમિશ્નર (હે. અને હો.) અને જાહેર માહિતી અધિકારી (જાહેર આરોગ્ય ખાતું) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેના વિભાગને વિશેષ પૂરક માહિતી મળેલ નથી. પરંતુ તેમના પત્ર નં.પીએચડી/૬૨૬ તા. ૧–૭–૦૮ થી અરજદારને પુરી પાડેલ માહિતીની નકલ મોકલવામાં આવેલ છે.

અરજદારની મુળ અરજીમાં માંગવામાં આવેલી માહિતી તા.૧૩–૬–૦૬ ના રોજ સલાબતપુરા સ્ટેશન રોડ ખાતે ફરીયાદ આપેલ છે જેના અનુસંધાને પોલીસ ફરીયાદ સબંધિત પોલીસ સ્ટેશનમાં કરેલ છે. તેમજ પોલીસ સ્ટેશનની ફરીયાદની નકલ પૂરી પાડવા પણ જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે. મુદ્દા નં.૪ અને ૫ અત્રેના કાર્યક્ષેત્રને લાગુ પડતું ન હોય અત્રે લાગુ પડતું નથી તેવો અરજદારને જવાબ પાઠવેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૬–૫–૦૮ અરજીથી માંગ્યા મુજબની માહિતી પૈકી જાહેર માહિતીની અધિકારી તરફથી મુદ્દા નં.૨ અંગે પર્યાપ્ત માહિતી આપેલ નથી તેમજ મુદ્દા નં.૪ અને ૫ તેમને સ્પર્શતા ન હોય તો કલમ–૬(૩) હેઠળ લાગત જાહેર સત્તા મંડળ અગર જાહેર માહિતી અધિકારીને તબદીલ કરવા જોઈતા હતાં તે કરેલ નથી. જેથી ઉકત બંન્ને બાબતે કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર કાર્યવાહી હાથ ધરી કલમ ૭ (૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ તે અંગેની માહિતી પૂરી પાડવા ડે.કમિશ્નર (હે.અનેહો.) અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

જયારે મુદ્દા નં.૩ અંગે નિયત સમયમર્યાદામાં જ ફી ભરી માહિતી મેળવી લેવા જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને સૂચિત કરેલ હોઈ તે અંગે અરજદારે નિયત ફી ભરી લાગત જાહેર માહિતી અધિકારી કક્ષોએથી માહિતી મેળવી લેવા જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૭ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧)ડે..કમિશ્નર(હે. અને હો.) અને જાહેર માહિતી અધિકારી,(પબ્લીક હેલ્થ ડીપાર્ટ) ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ડી.સી.ભટ્ટ, પ્રમુખ દક્ષિણ ગુજરાત ગ્રાહક સુરક્ષા સમિતિ